સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

લોકશાહીના લિબાસે સરમુખત્યાર જેવો છું,
ઓવરટેક કોઇને, ક્યાંક 'યુ' ટર્ન લઉં એવો છું,
મેળા ભરી, કરી દઉં ઊભો દેવોનો દરબાર -
સુધર્યો નથી, 'તમે મોકલ્યો એવો ને એવો જ છું!!'

હાઈકુ

ધર્મ નો રંગ,
આ લોહિયાળ જંગ -
વિશ્વ છે દંગ!
(પેરિસમાં આતંક)

પહેલી વાર -
ક્યારે પોતડી પે'રી-!
એનાં સો વર્ષ?!
(ઉજવણીનું બ્હાનું શોધી કાઢો)

ચિંતન

ઉપાધ્યાયન દશાચાર્યઃ આચાર્યાણાં શતં પિતા ।
સહસ્રન્તુ પિત્રન માતા ગૌરવેણા તિરિચ્યતે ॥ - સ્મૃતિ

'ઉપાધ્યાય કરતાં આચાર્ય દસ ગણા, આચાર્ય કરતાં પિતા સો ગણા અને પિતા કરતાં માતા હજાર ગણી, ગૌરવથી અધિક છે અર્થાત માતા સૌથી અધિક સંન્માનિત-પૂજય-શિક્ષા દાત્રી છે.'

મન્યતે ખલુ માનવાઃ પ્રથમતઃ શાલા-પાઠશાલા-મહાશાલા-સુશિક્ષાર્પિકા ।
મન્યહં જનની સુશિક્ષણ કૃતે યોગ્ય પરા શિક્ષિતા ॥

'લોકો તો માને છે કે નિશાળ - કોલેજ જ બાળકોને શિક્ષણ આપે છે પણ હું (કર્તવ્ય કૌમુદી ના રચયિતા શ્લોક-૬૯) તો માનું છું અને સમજું છું એક સુશિક્ષિત માતા જ બાળકને ખરું શિક્ષણ અને સાચા સંસ્કાર આપી શકે છે.'

માતાનો શબ્દ, આજ્ઞા, સલાહ, સૂચન બાળકને બચપણમાં સુવર્ણ લેખિત ધર્મગ્રંથ જેવા લાગે છે રીતભાત-સંસ્કાર મા દ્વારા જ પ્રાપ્ત થાય છે. મા જેમ કરે-કહે-બોલે-વર્તે એ બધા જ સંસ્કાર બાળકમાં આવે છે. 'જન્મ' થયા પહેલાંથી જ આ શરૂ થઇ જાય છે. એટલે જ 'મા'ને હજારો શિક્ષક કરતાં પણ મહાન કહી છે.

સુવિચાર

- બધા પ્રકારના માનસિક રોગોમાં ખુશામત સૌથી મોટો ચેપી રોગ છે - રિચર્ડ સ્ટીલ
- મનની ભાષાથી જગત અજ્ઞાત છે,
  મનની બોલી ક્યાં બધે બોલાય છે? - હરેશ તથાગત
- લોકો તનની અને કપડાંની કાળજી રાખે છે, પણ મર્યા પછી જે સાથે આવે છે તે મનની કાળજી રાખતાં નથી - ડોંગરેજી મહારાજ
- વિચારોના ચગડોળમાં ચડ્યા પછી આપણે ધારીએ તો પણ અધવચ્ચે ઊતરી શકાતું નથી - હરકિસન મહેતા
- જેનો હેતુ સ્પષ્ટ ન હોય અને દિશા જાણતા ન હોઇએ તે પ્રયત્ન અને હિંમતનો અર્થ જ મરી જાય છે - લાઓત્સે
- પોતાની જાત માટે કોઇ પણ માગણી કર્યા વગર સેવા કરો નહિં ત્યાં સુધી તમે સાચું અને કાયમી સુખ મેળવવાની અપેક્ષા રાખી શકો નહિં - એસ. ભટ્ટાચાર્ય
- જયારે આપણે બાળકને અપમાનિત કરીએ છીએ કે નિરાશાનો અનુભવ કરાવીએ છીએ ત્યારે એના આત્મવિશ્વાસની એક ઇંટ ખેરવીએ છીએ - મનુભાઇ પંચોલી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે સમાજ સેવાના મંડળો બનાવી, સેવા કરીએ, દાન-પુણ્યની તકતીઓ મરાવીએ-બેનર રાખી ફોટા પડાવીએ - આમ સેવા પાછળ આપણો જ સ્વાર્થ અને સંતોષ હોય છે. સેવાના આનંદ અને છૂપો સ્વાર્થ.

એક ખેડૂતને મકાઇના અદ્‌ભૂત અને ઉમદા પાક માટે રાજય સરકાર તરફથી કૃષિ મેળામાં દર વર્ષે પ્રથમ પુરસ્કાર મળતો હતો. એટલું જ નહીં એણે પોતાની આસપાસના ખેડૂતોને પણ - પોતાનું ઉમદા બિયારણ મફત આપતો હતો તેથી એવા ખેડૂતો પણ આ પ્રદર્શનમાં નોંધનીય દેખાવ કરતાં.

રાજય સરકાર તરફથી 'શ્રેષ્ઠ' સન્માન મળતાં ટીવી ચેનલો-છાપાં-રેડિયોવાળા તેનો ઇન્ટરવ્યુ લેવા આવ્યા. અનેક સવાલો પૂછ્યા - એમાં એક પત્રકારે પૂછ્યું. અમે સાંભળ્યું છે કે તમે તમારી આસપાસના તમામ ખેડૂતોને પણ તમારું આ ઉમદા બિયારણ 'મફત' આપો છો? આ વાત સાચી છે?

ખેડૂતે ખંધુ સ્મિત કરી જવાબ આપ્યો. જુઓ ખેતીનો સિદ્ધાંત છે અને પાકની પેદાશ આસપાસથી ઊડીને આવતી પરાગરજ પર પણ આધારિત છે. જો મારા ખેતરમાં ઊભેલા પાકને ઉમદા પાકની પરાગરજ મળે એમાં મારું જ ભલું છે ને?!

Email - sureshchandrabhatt18@gmail.com

'અભિનય સમ્રાટ' ગુજરાતી ચલચિત્ર જગતના બેતાજ બાદશાહ અને 'પદ્મશ્રી' ઉપેન્દ્ર ત્રિવેદીને સો સો સલામો સહ અંતઃકરણની શ્રદ્ધાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ

શ્રદ્ધાસુમન સેતુ

ગુજરાતી ભાષાનો રણકતો અને સર્વેના હૃદયમાં ધબકતો, એક અનોખો અવાજ તા. ૪-૧-૨૦૧૫ની મધરાતે એકાએક લુપ્ત થઇ, પંચમહાભૂતમાં મળી ગયો. જાણે એક આગવા - અદ્વિતીય યુગનો અંત આવ્યો! આ યુગાત્મા એટલે ઉપેન્દ્ર જેઠાલાલ ત્રિવેદી. નાટ્યકળાના કસબી, સાહિત્ય મર્મજ્ઞ, કલાસાહિત્ય અને સમાજસેવાના કાર્યમાં જીવનને સુખડની જેમ ઘસી જનાર, 'અભિનય સમ્રાટ' ગુજરાતી ચલચિત્ર જગતના બેતાજ બાદશાહ અને 'પદ્મશ્રી' ઉપેન્દ્ર ત્રિવેદીને સો સો સલામો સહ અંતઃકરણની શ્રદ્ધાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ.

સમાચાર સેતુ - સાહિત્ય સભાની બેઠક

સાહિત્યમાં રસ-રૂચી ધરાવતા ભાવકો અને સર્જકોના મંડળ - ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિશિષ્ટ પ્રકારનાં અવનવા કાર્યક્રમો અવારનવાર યોજવામાં આવે છે; જેમાં વરિષ્ઠ સાહિત્યકારોને પોંખીને સન્માન અપાય છે. તો નવોદિતોને પ્રોત્સાહિત પણ કરાય છે. દર માસે બીજા રવિવારે નિયમિત અચૂક મળતી માસિક બેઠકમાં, તા. ૧૧-૧-૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧, ગાંધીનગર ખાતે, સાહિત્ય સભાના સભ્ય અને ગાંધીનગર સાહિત્ય સભ્યો માટે છેલ્લા એક વર્ષથી 'સાહિત્ય પ્રસાદ' અંક પ્રગટ કરતા સંપાદક શ્રી ભાલચંદ્ર દા. કાજરેકર દ્વારા સંપાદિત 'સાહિત્ય પ્રસાદ' ના ૨૦૧૫ના વર્ષના 'પ્રથમ વિશેષાંક'નું વિમોચન કરવામાં આવશે. પ્રમુખ ભરત કવિની આંખના ઓપરેશનને કારણે અનુપસ્થિતિમાં ઉપપ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી' અધ્યક્ષ સ્થાન શોભાવશે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સાથે સાથે આ બેઠકમાં, રસ ધરાવતા સાહિત્યકારો - સર્જકો પોતાની 'સ્વરચિત અને અપ્રગટ' રચાઓ - કાવ્ય, ગઝલ કે લઘુકથાનું પઠન કરી શકશે. સર્જકોએ કાગળમાં એકબાજુ, સ્વચ્છ અક્ષરે લખાયેલ કે ટાઇપ કરેલ કૃતિની નકલ રજૂ કરવાની રહેશે.

રતિલાલ ચંદરિયા મેમોરિયલ એવોર્ડ - ૨૦૧૫

તાજેતરમાં રતિલા ચંદરિયાની યાદમાં રતિલાલ ચંદરિયા મેમોરિયલ એવોર્ડ-૨૦૧૫ દ્વારા, ગુજરાતી ભાષાના સાહિત્યકારો માટે 'ટૂંકી વાર્તા' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના પારિતોષિક વિજેતાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તા. ૧૩-૧-૨૦૧૫ના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ દરમિયાન ગુજરાત વિશ્વકોશ ભવન, રમેશ પાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે યોજવાનો છે.

કાવ્યસેતુ - 'સવાલો'

આસપાસને ચોગરદમ, સદા ઊઠતા સવાલો!
ઘટ-ઘટ અને હરડગર, સદૈવ ફટતા સવાલો!
આદિ, અંતે, મધ્યે, તળિયે પણ નવ છૂટતા સવાલો!
ઝરણાં થૈ ખળખળ વહેતા, ને ખૂટતા સવાલો!
પડ્યા ને આખડતાં ચોમેર, ધગધગતા સવાલો!
તડકે અને છાંયે હરદમ, ફગફગતા સવાલો!
કયારેક બની ઘટ્ટ, કયારેક ઝીણા થૈ ડારતા સવાલો!
ફેણ માંડી ફણાધરશા, ફૂંફાડા મારતા સવાલો!
મૂંઝવી દિમાગ ચીરે, ભેદ-ભરમભર્યા સવાલો!
તમ રવિના તેજભર્યા, લાવારસ શા નર્યા સવાલો!
દડદડતા લોહીલુહાણ થઇ નીગળતા સવાલો!
હિમશીલાથી કદમાં મોટા, કદી ન પીગળતાં સવાલો!
હરદમ - હરઘડી, કર્ણપટે ગૂંજતા સવાલો!
અંગમાં જલતા અગન થૈ, દિલને ભૂંજતા સવાલો!
સંસાર સવાલો થકી ભયોર્દદિન, રૂચતા સવાલો!
પ્રત્યુત્તર આપો તોયે, પૂનઃ પ્રગટી ખૂંચતા સવાલો! - દધિ

ઉપેન્દ્ર ત્રિવેદીની એક કાવ્ય રચના
અહાંગરો (વિયોગથી થતી સતત પીડા)

- ઉપેન્દ્ર 'ઇડરિયો'

(રાગ : માઢ)
અહાંગરો લાગ્યો - મને અહાંગરો લાગ્યો
હે... ઇડરિયા દેશનો રે મુને અહાંગરો લાગ્યો
ડુંગરા મેલ્યા ને વગડા મેલ્યા, મેલ્યા મેળાના શણગાર
(પણ) આંખ મીંચુ ત્યાં - ઇડર આંગણે, સપને વતનની વણજાર..
રે મુને અહાંગરો લાગ્યો
ચાંદો એક ને સૂરજ એક છે, પવન ગગનમાં એક
એક જ વર્ષા તોય, જુદી જનમભૂમિની મહેક... રે મુને અહાંગરો લાગ્યો
ઘઉંવાવ - ભેસકા, ઘૂઘવતી, ગુંજે સાબર કેરો સાદ
હાથમતી લે હૈયે હીબકાં, માથે, મેશ્વોનો મીઠો હાથ
કાળજે ડેભોલ કૂકતી, સોરા કેમ રે સોડ્યો સંગાથ
નસેનસ નદીઓ દોડતી, આંખ્યે વીરડા ઊભરાય...
રે મુને અહાંગરો લાગ્યો
ગોકુળ તજીયું - મથુરા તજીયું (તોય) દુખિયો દુવારકામાંય
અરજી ઉપેન્દ્રની શામળા, કોઇ વતનની દૂર ન થાય... રે મુને અહાંગરો લાગ્યો
અહાંગરો લાગ્યો મુને અહાંગરો લાગ્યો
ઇડરિયા દેશનો રે મુને અહાંગરો લાગ્યો
અહાંગરો લાગ્યો
અહાંગરો લાગ્યો
(ઇડરપ્રદેશની નદીઓ : ઘઉંવાવ-ભેસકા-સાબર-હાથમતી-મેશ્વો -ડેભોલ)

(ઉપેન્દ્ર ત્રિવેદી - આત્મકથા તથા અન્ય આલેખમાંથી સાભાર)

અછાંદસ કાવ્ય

પુરુષ, તું કહે છે.
મારી બુદ્ધિ છે, પગની પાનીએ.
પણ, તું એ કેમ ભૂલી જાય છે?
તું દર્દ આપતો ગયો, હું સહેતી ગઇ,
તું સતાવતો ગયો, છતાંય હું સહેતી ગઇ.
મારું અસ્તિત્વ આખુંયે દર્દથી,
તેં દીધેલા દર્દથી ભરાઇ ગયું.
શરીરનો અણુએ અણુ વેદનાથી છલકાઇ ગયો.
કહે, બુદ્ધિ માટે જગ્ય કહાં રહે? કેમ રહે?
વળી, જો હું બુદ્ધિ વાપરત તો ?
યુગોયુગોના આ જુલ્મો, જેં તે, લાગણીના નામે કર્યા છે તે.
હું, શું સહેત?
પણ મેં, પ્રેમને પ્રાધાન્ય આપ્યું, તે બુદ્ધિને.
બસ હું પ્રેમમાં બુદ્ધિને હડસેલતી ગઇ, ભાવના ભરતી રહી.
હે પુરુષ!
સારું છે, મારી બુદ્ધિ પાનીએ છે,
હું જયારે ભાવના હડસેલી, બુદ્ધિથી ચાલીશ ત્યારે,
હું અબળા નહીં રહું,
સબળા બની જઇશ
પણ પછી? પછી તારું શું થશે?
તારો જે અહંકાર છે, તે તૂટશે, અને સતત તૂટતો જ રહેશે.
હું તો સ્વાભિમાનભંગ પણ સહી ગઇ.
કેમ કે, મેં તો લાગણીને મહત્ત્વ આપ્યું હતું.
પણ, તારો અહમ્ તૂટતાં, તું કયાં જઇશ?
તું કેમ સહીશ?
કેમ કે તેં તો બુદ્ધિને જ મહત્ત્વ આપ્યું છે.
બુદ્ધિ દગો દઇ શકે છે, લાગણી નહીં.
માટે હે પુરુષ! ઇશ્વરનો ઉપકાર માન કે,
હું લાગણીથી ભરેલી છું અને મેં,
બુદ્ધિને લાગણીના ભાર નીચે દબાવી,
છેક પગની પાનીએ રાખી છે.
બાકી ડરજે એ દિવસથી,
જયારે હું બુદ્ધિથી કામ લઇશ,
લાગણીને હડસેલીને.

- સૂચિતા કપૂર (કાવ્ય સંગ્રહ 'કશિશ'માંથી સાભાર)

મૃત્યુ સત્ય છે, તો જીવન કંઈ જૂઠાણું નથી!

રોહિતોપદેશ

- રોહિત શાહ

જો કોઈક રીતે આપણને જાણ થઈ જાય કે આજે રાત્રે નવ વાગ્યા પછી આપણે જીવતા રહેવાના નથી, તો આજના દિવસ માટે આપણે નક્કી કરેલાં કાર્યોને પાર પાડવા સક્રિય રહીએ ખરા? આપણને ખ્યાલ આવી જાય કે હવે આપણું આયુષ્ય માત્ર દસ-બાર કલાકનું જ રહ્યું છે, તો આપણાં આજનાં કાર્યોની પ્રાયોરિટીઝ બદલાઈ જાય કે નહિ? એટલું જ નહિ, આપણું મૃત્યુ કઈ રીતે થવાનું છે એની પણ પાક્કી માહિતી મળી ગઈ હોય, તો આપણે આપણું રૂટીન બદલી નાખીએ કે નહિ?

જો આપણે મૃત્યુના ભયથી આપણું રૂટીન બદલી નાખવા માટે તૈયાર થઈએ તો જાણવું કે આપણે સ્થિતપ્રજ્ઞ નથી. હજાર વખત ભગવદ્‌ગીતાનો પાઠ-સ્વાધ્યાય કરેલો ફોગટ ગયો જાણવો. શા માટે આપણે મૃત્યુથી ડરવું પડે? શા માટે આપણે આપણું રૂટીન બદલવું પડે? શા માટે આપણે આપણી પ્રાયોરિટીઝમાં પરિવર્તન લાવવું પડે? શું આપણે જાણતા નહોતા કે કોળ પણ ક્ષણે આપણું મૃત્યુ સંભવિત છે? શું આપણે એમ માનતા હતા કે મૃત્યુ આપણો ડોરબેલ વગાડીને, મેં આઈ કમ ઈન સર ? એમ પૂછીને આવવાનું છે?

મૃત્યુ વિશે બે બાબતો સ્પષ્ટ છે : એક તો એ કે મૃત્યુ અનિવાર્યપણે આવવાનું છે અને બીજી બાબત એ કે મૃત્યુ કોઈ પણ ક્ષણે આવી શકે છે. આ બંન્ને બાબતો જાણ્યા પછી આપણે ગાફેલ રહીએ તો આપણે જગતના મૂર્ખશિરોમણિ છીએ.

મૃત્યુનો સહજ સ્વીકાર કરી શકાય એવું આપણું જીવન કેમ નથી? મૃત્યુનો પગરવ સંભળાય એટલે આપણે પરલોકની અને હવે પછીના જન્મની ચિંતા કરવા મંડી નથી પડતા, પણ અત્યારના જીવનને છોડવાની વ્યથામાં ઘેરાઈ જઈએ છીએ. આ જગત હવે છૂટી જશે, આ સંબંધો હવે સમાપ્ત થઈ જશે, રાત-દિવસ કાળી મજુરી કરીને (કે કાળાંધોળાં કરીને) જે કંઈ પ્રાપ્ત કર્યું છે. એ છોડવું પડશે - એ બધાનો અજંપો ઘૂંટાવા માંડે છે. મૃત્યુ કોઈ નવી વાત નથી અને મૃત્યુ પછી માણસે સર્વસ્વ છોડીને (અહીં જ મૂકીને) જવું પડે છે. એ તો નિશ્ચિત હતું જ અને આપણે એ જાણતાય હતા. આપણાં અનેક સ્વજનોના આપણે અંતિમસંસ્કાર કરાવી આવ્યા છીએ, અનેક લોકોને આકસ્મિક મરતા જોયા છે. ભૂકંપ, સુનામી અને પૂર જેવી કુદરતી ઘટનાઓમાં જ નહિ, બોમ્બવિસ્ફોટ જેવી માનવસર્જિત ઘટનાઓમાંય હજારો લોકોને મરતા આપણે જોયા-સાંભળ્યા છે. મૃત્યુ અણધારી અનિવાર્ય ઘટના છે એની આપણને ખબર છે જ, છતાંય આપણે જાણે એનાથી બેખબર હતા. મૃત્યુ આપણી પાસે આવવાનું જ નથી એવા ભ્રમમાં આપણે જીવતા હતા અથવા તો મૃત્યુ કંઈ હમણાં તો નથી જ આવવાનું એવા મિથ્યા વિશ્વાસને વળગીને આપણે આપણી રૂટીન લાઈફમાં ઓતપ્રોત થયા હતા.

અને એમાં કંઈ જ ખોટું નથી.

મૃત્યુ સચ્ચાઈ છે તો જીવન કંઈ જૂઠાણું નથી. મૃત્યુ આવે એ પહેલાં તો આપણે સામે જીવનની સચ્ચાઈ જ હોય છે. મૃત્યુ આપણા હાથની વાત નથી, પણ જીવન તો આપણા હાથની વાત છે ને! મૃત્યુ મળે એ પહેલાં મરવું જરૂરી નથી.

ખરો સવાલ એ છે કે આપણને જીવન કેમ જીવવું એ આવડયું જ નથી. એટલે મૃત્યુને સન્મુખ જોઈને ધ્રુજી ઉઠીએ છીએ. જીવનની પ્રત્યેક પળને છલોછલ જીવી જાણી હોય અને મૃત્યુનું રહસ્ય સમજતો હોય એવો આદમી જીવનની આખરી ક્ષણે ભયભીત નહિ થાય. એ સહજ રીતે પોતાના નિત્યક્રમ મુજબનાં કર્તવ્યો કરતો રહેશે. તેને ભોજનમાંથી રસ ઉડી નહિ જાય, તેને પોતાનો પરિવાર રઝળી પડશે એવી દહેશત નહિ થાય અને હવે પછી પોતાની ગતિ કેવી થશે એની ચિંતાય નહિ થાય. તે તટસ્થ અને સ્વસ્થ રહેશે.

કયારેક મને વિચાર આવે છે કે માણસને પોતાનું મૃત્યુ કયારે થવાનું છે એની ખબર પડી શકતી હોત તો તેનું જીવન કેવું હોત! સપોઝ, એક બાળક જન્મે એ જ ક્ષણે તેના કપાળ પર તેના મૃત્યુની તારીખ પણ લખાઈને આવતી હોત તો?

તો પાર વગરની અવ્યવસ્થાઓ પેદા થઈ હોત. કુદરતે મૃત્યુના રહસ્યને અકબંધ રાખીને આપણને જીવનનો આનંદ લેવાની સગવડ આપી છે. જયાં સુધી મૃત્યુ ન આવે ત્યાં સુધી છલોછલ જીવી લેવું જોઈએ. પરલોકની ચિંતા કરવાથી કશું થવાનું નથી. જો આપણને ખબર પડે કે આજે રાત્રે નવ વાગ્યા પછી આપણે જીવતા રહેવાના નથી છતાં સ્વસ્થપણે મૃત્યુને વેલકમ કરવા આપણે સજજ રહીએ તો એ આપણી સાચી સ્થિતપ્રજ્ઞતા છે. જયાં સ્થિતપ્રજ્ઞતા હોય ત્યાં હશે- નો પ્રોબ્લેમ.

સમય પસાર થતો જાય છે અને અરવિંદસરની મહેનતને લીધે, અંધશાળા સારી પ્રગતિ કરે છે, અરવિંદસર વિદ્યાર્થીઓમાં પણ એક નિષ્ઠાવાન સર તરીકે ગણનાપાત્ર થાય છે

પ્રેરણા

- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકામાં આનંદશંકરનો એકનો એક દીકરો અરવિંદ રહે છે. બી.કોમ. પરીક્ષા પસાર કર્યા પછી, અંધજનને મદદરૂપ થવાના શુભ આશયથી તેને લગતો અભ્યાસ કર્યો હોવાથી ભાવનગર શહેરના બોર તળાવ પાસે આવેલ અંધજન સ્કૂલમાં ટીચર તરીકેનો જોબ ઓફર કરતો પત્ર મળે છે.

અરવિંદ પત્ર મળતાં ખુબ જ ખુશ થાય છે અને પિતાના આશીર્વાદ લઇ, અંધજન સ્કૂલમાં જોઇન થવા શિહોરથી પ્રયાણ કરી, ભાવનગર શહેરમાં આવે છે. સ્કૂલમાં આવતાં, નિરીક્ષણ કરે છે કે અંધજન સ્કૂલ હતી તેમ છતાં વિશાળ પટાંગણ, સુંદર બગીચો તથા સ્કૂલ અને તેવું જ વિશાળ મકાન છે, તે જયારે સ્કૂલના પટાંગણમાં પ્રવેશ કરે છે. ત્યારે અંધ વિદ્યાર્થીઓ ફૂટબોલમાં લગાડેલી ઘંટડીઓના અવાજને લીધે રમતાં હોઇ છે, તેવામાં ફૂટબોલ ઉછળીને કોઇને વાગતા, અંધવિદ્યાર્થીઓ રમવાનું બંધ કરી દે છે કારણ કે રમતાં રમતાં તેમનો બોલ કોઇને વાગ્યાનો અવાજ થાય છે, અરવિંદ તેમની આવી સતેજ સમજણથી ખૂબ જ આશ્ચર્ય અનુભવે છે, આમ વિચારતો હોય છે તે દરમિયાન એક પંદરેક વર્ષનો અંધવિદ્યાર્થી અરવિંદ પાસે આવી, ફૂટબોલ વાગવા બદલ ક્ષમા માગે છે. અરવિંદ ઓ.કે. કહી આગળ જણાવે છે કે હું તમારો નવો ટીચર આજે જોઇન થવા આવ્યો છું. બધા એક સાથે 'વેલકમ' સર કહી સ્વાગત કરે છે.

અરવિંદ હવે તેની પાસે આવેલ અંધ વિદ્યાર્થીનો હાથ પકડે છે અને તમારું નામ શું છે તેમ પુછતાં હું એસ.એસ.સી. નો અભ્યાસ કરી રહ્યો છું, ચાલો સર મારું નામ ઓમ છે અને તમારી રૂમે લઇ જાઉં એમ કહેતાં ધીરે ધીરે સરને તેમની રૂમ તરફ લઇ જાય છે. રૂમે પહોંચ્યા પછી 'ઓમ' હવે જાઉં છું તેમ કહી વિદાય લે છે પરંતુ જતા પ્રિન્સીપાલ થોડા સમય પછી તેમની ચેમ્બરમાં મળશે તેથી મળી લેવા જણાવે છે.

અરવિંદ સર તે દરમિયાન ફ્રેશ થઇ, પ્રિન્સીપાલને મળવા જાય છે. પ્રિન્સિપાલ પણ વેલકમ કહી બેસાડે છે. અરવિંદ સરને બરોબર યાદ છે કે પંદર દિવસ પહેલાં આ જ રૂમમાં તેમનો ઇન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો.

પ્રિન્સીપાલ અંધ વિદ્યાર્થીઓ માટે શું શું કરવાનું છે તેની બધી જ વિગતો આપે છે. વિદ્યાર્થીઓ માટે વિશેષમાં જણાવે છે કે તમે આવી ગયા છો તેથી રોજ હું નહિ આવું, પરંતુ તમારે સાંજ સધીમાં રોજે રોજે શું કર્યું તેનો રિપોર્ટ કરવાનો રહેશે. તમે જાણો છો કે આપણે સ્કૂલ માટે હજુ ખુબ જ ઊંચાણ ચઢવાના છે તેથી અવાજથી મોબાઇલ ચલાવી શકાય તેવી પદ્ધતિ, ખુરશીની નેટીંગ ભરવાની આધુનિક પદ્ધતિ, તેમજ સંગીતની ઉચ્ચ કક્ષાની પરીક્ષા આપી શકાય તેવી પદ્ધતિની વ્યવસ્થા તેમજ ગોઠવણ કરવાની છે તેથી ખૂબ જ મહેનત કરવી પડશે. તેનું ખાસ ધ્યાન રાખશો. આટલી સુચના આપી, પ્રિન્સીપાલ વિદાય લે છે.

સમય પસાર થતો જાય છે અને અરવિંદસરની મહેનતને લીધે, અંધશાળા સારી પ્રગતિ કરે છે. અરવિંદસર વિદ્યાર્થીઓમાં પણ એક નિષ્ઠાવાન સર તરીકે ગણનાપાત્ર થાય છે. એક સમયે 'ઓમ' અરવિંદ સરને પ્રશ્ન કરે છે કે તમે અંધવિદ્યાર્થીઓને જ ભણાવવા શા માટે નિર્ણય લીધો છે તેના પ્રત્યુત્તરમાં અરવિંદ સર જણાવે છે કે મારા માતૃશ્રીના અવસાન પછી, એક દિવસ મારા પિતાશ્રી ઘરમાં પડી ગયા, તેને લીધે ધીરે ધીરે તેમનું વિઝન ઓછુ થઇ ગયું અને તેની ચિંતાને ચિંતામાં થોડા સમય પછી તેમનુ અવસાન થયું, ત્યારથી મેં નેત્રહીનોની સેવા કરવાનું નક્કી કર્યું અને સેવા આપી રહ્યો છું.

આ વાતને થોડા સમય પછી અરવિંદને એક દિવસ રાત્રીના તેમના દાદાના અવસાનના સમાચાર મળે છે, તેથી અરવિંદસિંહ ગામ જવા તાત્કાલિક નીકળી જાય છે. બે ત્રણ દિવસ પછી અંધશાળાના પ્રિન્સીપાલ 'ઓમ' ને ખુશખબર આપતાં જણાવે છે તેની આંખનું ઓપરેશન છે અને તે હવે બધાને જોઇ શકશે. હોસ્પિટલથી વાહન નીકળી ગયું છે તેથી તું જવા તૈયાર થઇ જા. આ સાંભળી 'ઓમ' ખુશ થાય છે કે તે હવે બધું જોઇ શકશે. નક્કી થયા મુજબ વાહન આવે છે. 'ઓમ' સર્વપ્રથમ પ્રિન્સિપાલને જણાવે છે કે આ ખુશખબર હું પોતે જ, અરવિંદને જણાવીશ. બીજા કોઇ અરવિંદસરને જાણ કરતા નહી. પ્રિન્સીપાલે મને જણાવે છે કે અરવિંદ સર કયારે આવવાના છે. પ્રિન્સિપાલ ભારે હૈયે જણાવે છે કે તારા અરવિંદ સર હવે આપણી વચ્ચે કયારેય પણ આવશે નહિ કારણ કે તે રાત્રે અરવિંદ સર ગામડે જવા જે બસમાં નીકળ્યા હતા તેને રસ્તામાં અકસ્માત નડતાં, અરવિંદ સર ખૂબ જ ઘવાયા હતા. હોસ્પિટલ લઇ જતાં હતા ત્યારે ખૂબ જ સિરીયસ હતા. શ્વાસોશ્વાસ બંધ થાય તે પહેલાં તેની આંખો તને ડોનેટ કરવાનું જણાવ્યા પછી તેનું અવસાન થયું જયારે તેની આંખોથી અત્યારે તું જોઇ શકે છે. તારે હવે અરવિંદ સરના અધુરાં રહેલાં કામો પુરા કરવાના છે, આ સાંભળી 'ઓમ' હૈયાફાટ રૂદન કરે છે અને અરવિંદ સરના અધુરા રહેલા કામો પુરા કરવાનું પ્રણ લે છે.